જ્યારે તમે સિજદો કરો તો બન્ને હથેળીઓ નીચી રાખો અને બન્ને કોળીઓ ઉપર ઉઠાવો

બરાઅ રઝી અલ્લાહુ અન્હુ રિવાયત કરે છે, તેઓએ કહ્યું: નબી સલ્લલ્લાહુ અલૈહી વસલ્લમએ કહ્યું: «જ્યારે તમે સિજદો કરો તો બન્ને હથેળીઓ નીચી રાખો અને બન્ને કોળીઓ ઉપર
ઉઠાવો».
[સહીહ (આ હદીષ સાચા દરજજાની છે)] [આ હદીષને ઈમામ મુસ્લિમ રહિમહુલ્લાહએ રિવાયત કરી છે]

આ હદીષમાં નબી સલ્લલ્લાહુ અલૈહી વસલ્લમએ નમાઝમાં સિજદામાં હાથની સ્થિતિ વર્ણન કરી છે, તે એ રીતે કે બન્ને હથેળીઓને જમીન પર રાખી આંગળીઓને કિબલા તરફ કરવામાં આવે, અને બન્ને કોળીઓ અને બાજુઓને જમીન થી ઉપર રાખી ઊંચે ઉઠાવવામાં આવે.

http://sunnah.global/hadeeth/gu/show/10927